# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-06-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-શાળા પ્રવેશોત્સવ:

આગામી તા. ૨૬ થી ૨૮ જૂન દરમિયાન રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠક અંગે માહિતિ આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્યની તમામ સરકારી પ્રાથમિક, સરકારી અને અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ્સ અને રક્ષા શક્તિ સ્કૂલ્સમાં આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ મહીસાગર અને ગાંધીનગર બાદ ૨૮મી જુને કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે. આ ઉપરાંત વરિષ્ઠ મંત્રીઓ સહિત આશરે ૪૦૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ-પદાધિકારીઓ સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તેમ શ્રી પટેલે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યુ કે, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન બળકોને આંગણવાડી, બાલવાટિકા તથા ગત વર્ષે બાલવાટિકામાં પ્રવેશ ન મેળવેલ બાળકોને ધોરણ-૧માં તેમજ ધોરણ-૯માં અને ધોરણ-૧૧માં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવવામાં આવશે.

આ ઉપરાંત અષાઢી બીજના રથયાત્રા તથા કચ્છી નૂતનવર્ષના તહેવારને ધ્યાનમાં રાખીને રથયાત્રાના રૂટ હોય તેવા વિસ્તારોમાં અને કચ્છ જિલ્લામાં પ્રવેશોત્સવની ઉજવણી તા. ૨૬ અને ૨૮ જુને કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## પુરક પરીક્ષા:

રાજ્યમાં હાલમાં વરસાદના કારણે કેટલાક વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપવા પહોંચી નથી શક્યા ત્યારે રાજ્ય સરકારે આગામી સમયમાં આવા વિદ્યાર્થીઓની ફરી પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે.

આ અંગે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું છે કે, વરસાદના કારણે કેટલીક જગ્યાએ પાણી ભરાયા અને પરિવહન ખોરવાયું છે. આવા સમયે કેટલાક વિદ્યાર્થીઓ ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા આપવા પહોંચી શક્યા નથી. હાલ ચાલી રહેલ પૂરક પરીક્ષા પૂર્ણ થયા પછી બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા યોજવાની નવી વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા આગામી સમયમાં કરાશે.

---------------------------------------------------------------------------------------------

## સાંસદ-કચ્છ કાર્નિવલ:

અષાઢી બીજ કચ્છી નવા વર્ષ નિમિત્તે આગામી ૨૭ મી જુને શુક્રવારે જીલ્લા મથક ભુજના હમીરસર કાંઠે સાંસદ કચ્છ કાર્નિવલ યોજાશે. કચ્છીયતની થીમ પર યોજાનાર આ મહોત્સવ અંતર્ગત 64 ફ્લોટમાં 2300 જેટલા કલાકાર પોતાની કલાના કામણ પાથરશે. આ અંગે સાંસદ વિનોદ ચાવડાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ-સાંસદ વિનોદ ચાવડા)

---------------------------------------------------------------------------------------------

## ‘રૂહ જી રેયાણ’ કાર્યક્રમ :

કલા સંસ્થા કલા વારસો ટ્રસ્ટ દ્વારા આગામી ૨૮ મી એ ભુજ ખાતે ‘રૂહ જી રેયાણ’ કાર્યક્રમ યોજાશે. ટાઉનહોલમાં યોજાનારા આ કાર્યક્રમમાં કચ્છના લોક સંગીતના 400થી વધુ લોક કલાકારો ત્રિવિધ ઉજવણી કરશે.

આ વખતે એક જ સપ્તાહમાં વિશ્વ સંગીત દિવસ, યોગ દિવસ અને કચ્છી નવું વર્ષ અષાઢી બીજ એમ ત્રિવિધ તહેવારોને ઉજવવા આ 'રૂહ જી રેયાણ' કાર્યક્રમ યોજાશે.

વર્ષોથી સંગીત સાધના કરતા કલાસાધકોનું કલાવારસો ભૂષણ 2025 માનપત્રથી કાર્યક્રમમાં સન્માન કરવામાં આવશે.

---

## ગંગા સ્વરૂપા આર્થિક યોજના:

જિલ્લામાં ૫૭ હજારથી વધુ મહિલાઓ 'ગંગા સ્વરૂપા આર્થિક યોજના'નો લાભ લહી રહી છે તેવી માહિતી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી કચ્છ દ્વારા આપવામાં આવી છે. જયારે, પુનઃ ઘર સંસાર વસાવવા એપ્રિલ, ૨૦૨૪ થી માર્ચ, ૨૦૨૫ એમ દરમિયાન કુલ ૦૬ ગંગા સ્વરૂપા મહિલાઓને 'ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના' હેઠળ ૫૦ હજાર રૂ. લેખે કુલ 03 લાખરૂ. ની સહાય કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના'નો લાભ ૧૮ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર ગંગા સ્વરૂપા લઇ શકે છે. યોજનાનો લાભ લેવા માટે ગંગા સ્વરૂપા મહિલાની કૌટુંબિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક ૧ લાખ 20 હજાર અને શહેરી વિસ્તારમાં ૧ લાખ ૫૦ હજાર કે તેથી ઓછી વાર્ષિક આવક હોવી જોઈએ. યોજના હેઠળ લાભાર્થીને ૧૨૫૦ રૂપિયાની આર્થિક સહાય તેમના પોસ્ટ અથવા બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવતી ૧૮ થી ૫૦ વર્ષની મહિલાઓ 'ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના'નો લાભ લઇ શકે છે. જે માટે પુનઃલગ્ન કર્યે થી ૬ માસની સમય મર્યાદામાં નિયત નમૂનામાં આધાર પુરાવા સહીત અરજી કરવાની રહે છે. યોજના અંતર્ગત ૨૫ હજાર રૂ. ની આર્થિક સહાય અને ૨૫ હજારની રકમના રાષ્ટ્રીય બચત પત્રો મળી કુલ ૫૦ હજાર રૂ.ની સહાય અપાય છે.

---